Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૨૯ · તા. ૧૨ થી ૧૮ જુલાઈ ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## શ્રી અખિલ કચ્છ જનસંપર્ક ચેરીટેબલ ટ્રસ્ટ-આદીપુર દ્વારા તા. ૨૯-૦૬-૨૦૧૪ ને અષાઢી બીજના આયોજીત કચ્છ કે.ડી.ઓ. સ્નેહમિલન-૨૦૧૪ ''સાથ મિણી જો'' કાર્યક્રમનાં સંસ્મરણો.....



## શ્રી અખિલ કચ્છ જનસંપર્ક ચેરીટેબલ ટ્રસ્ટ-આદીપુર દ્વારા તા. ૨૯-૦૬-૨૦૧૪ ને અષાઢી બીજના આયોજીત કચ્છ કે.ડી.ઓ. સ્નેહમિલન-૨૦૧૪ ''સાથ મિણી જો'' કાર્યક્રમનાં સંસ્મરણો.....



# શ્રી અખિલ કચ્છ જન સંપર્ક ચેરીટેબલ ટ્રસ્ટ, આદીપુર દ્વારા કચ્છ કે.ડી.ઓ. સ્નેહમિલન - ૨૦૧૪ અંતર્ગત જ્ઞાતિના ઉત્થાન માટે ''સાથ મિણી જો'' કાર્યક્રમ યોજાયો

## શૈક્ષણિક પ્રવૃતિઓને વેગ આપવા માટે કેજીથી પીજીના તમામ અભ્યાસ કરતાં બાળકોને કિટ વિતરણ કરાયું, રાત્રે શ્રી અશ્વિન જોષી દ્વારા માં - બાપને ભુલશો નહિં કાર્યક્રમ પ્રસ્તુત કરાયો.

ગાંધીધામ : શ્રી અખિલ કચ્છ જન સંપર્ક ચેરીટેબલ ટ્રસ્ટ, આદીપુર દ્વારા ગત અષાઢીબીજને તા.૨૯.૦૬.૨૦૧૪ ને રવિવારના રોજ હોલીડે વિલેજ રિસોર્ટ, ગાંધીધામ-કચ્છ મધ્યે સમસ્ત કચ્છ જીલ્લામાં વસતા ગામે ગામના શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિજનોનું સંભવત: પ્રથમ સ્નેહમિલન 'સાથ મિણી જો' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ નવકાર મહામંત્રથી શરૂ કરવામાં આવેલ અને જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ કરી અને ટ્રસ્ટના પ્રમુખશ્રી પ્રદીપભાઇ ખોના, લહેરચંદભાઇ ખોના, માતૃશ્રી ગંગાબેન જવેરચંદભાઇ લોડાયા, માતૃશ્રી કાન્તાબેન આણંદજી ખોના, શ્રી પદમશીભાઇ લાલકા અને મધુકાન્તભાઇ લોડાયા હસ્તે દિપપ્રાગટય કરી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવેલ. કચ્છના ગામે ગામથી પધારેલ આશરે ૧૨૦૦થી પણ વધારે જ્ઞાતિજનોને મીઠો આવકાર કરી તેનું સ્વાગત શ્રી પ્રબોધ મુનવરે તેમના પ્રવચનમાં કરેલ.

કાર્યક્રમ દરમ્યાન જ્ઞાતિના બાળકોમાં રહેલ છુપી ટેલેન્ટ બહાર લાવવા માટે સોલો ડાન્સ, સીગીંગ, ચાચ-છાયની રમઝટ, હાસ્ય દરબાર, ગ્રુપ ડાન્સ, નાટક, એકપાત્ર અભિનય, વાદ્ય અને ઢોલ વિગેરે તેમના દ્વારા રજુ કરવામાં આવેલ અને તેમને ટ્રસ્ટના પ્રમુખે સર્ટિફીકેટ અને મોમેન્ટો આપી સન્માનિત કરેલ. આ ટેલેન્ટના કોરીયોગ્રાફર પાર્થ અનિલ શાહ અને કુ. વૃધ્ધિ સુનિલ શાહનું પણ વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. તેમણે પણ અદભુત સોલો ડાન્સ રજુ કરી સૌ દર્શકગણના મન મોહી લીધા હતા.

ટ્રસ્ટ વતિ પ્રમુખશ્રી પ્રદિપભાઇ ખોનાએ પ્રાંસગિક ઉદ્‌બોધનમાં ટ્રસ્ટની કાર્યવાહી વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી અને જ્ઞાતિને એક તાંતણે બાંધી અને જ્ઞાતિને આગળ લાવવા અને તેનો વિકાસ કરવાની નેમ દર્શાવી હતી તેમજ કચ્છમાં ભણતા વિધાર્થીઓ માટે ટ્રસ્ટના સભ્યો માટે સ્કોલરશીપની જાહેરાત કરવામાં આવી હતી.

મધુકાન્ત શાહ અને પદમશીભાઇ લાલકાએ પણ પ્રાંસગિક ઉદબોધન કરેલ. ટ્રસ્ટની માહિતી અને કચ્છ જીલ્લાના અગત્ય નંબર અને જોવા લાયક સ્થળ ની વિગત સાથેના એક સોવેનિયર 'સાથ મિણી જો'નું પણ વિમોચન કરવામાં આવેલ હતું.

અનુસંધાન ૨૪માં પાને

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

જૈન લઘુમતિ સેમિનારમાં આપણને સારી માહિતી આપનારા મહારાષ્ટ્રના લઘુમતિ સેલના ચેરમેન શ્રી મુનાફજી અને જીતોના માયનોરીટી સેલના અધ્યક્ષ શ્રી બિપિન દોશીનો ખુબ ખુબ આભાર. આ માહિતીનો ઉપયોગ કરી આપણી અસ્મિતા ટકાવી રાખી અને તેને સમૃધ્ધ કરીએ. - તન-મન પરિવાર

શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ
SHIKHARJI™
Continental
MADHUBAN - JHARKHAND
06558-232429

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 29/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# જૈનોને લઘુમતીનો દરજ્જો જૈન અસ્મિતાના રક્ષણ માટે મળ્યો છે એમાં આરક્ષણના લાભોની અપેક્ષા ન રખાય

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજને તાજેતરમાં ભાંડુપ - મુંબઈમાં અનંતસિધ્ધિના શેઠ નરશીનાથા એ.સી. સભાગૃહમાં જૈન લઘુમતિ અંગે એક માહિતીપ્રદ સેમિનારનું આયોજન કર્યું.

મુંબઈ ઉપરાંત બહારગામથી આવેલા જ્ઞાતિ આગેવાનોને પણ આ આયોજનનો લાભ મળ્યો. પણ ખેદ એ વાતનો છે કે મુંબઈના જ્ઞાતિજનો તેમજ આગેવાનો જેમના આવવાની અપેક્ષા રાખેલી તેઓ પણ ન પધાર્યા તેથી જે સ્તરના મહાનુભાવોને આમંત્રવામાં આવેલા એમના મોભા પ્રમાણે શ્રોતાઓની સંખ્યા ન થઈ અને બીજું ખાલી પડેલી બેઠકોનો લાભ અન્ય જૈનોને પણ ન આપી શકાયો, એ વાત જતી કરતાં સેમિનાર ઘણો રસપ્રદ રહ્યો.

સૌથી પહેલાં મહારાષ્ટ્ર રાજ્ય માયનોરીટી કમિશનના ચેરમેન મુનાફજીએ સ્પષ્ટ કર્યું કે જૈનોને લઘુમતીનો દરજ્જો આપવા પાછળનું કારણ તેઓ આર્થિક રીતે પછાત છે એ નથી પણ તેમની સંખ્યા અતિઅલ્પ હોઈ તેમની ધાર્મિક - સામાજિક પરંપરાઓ તથા અસ્મિતા જાળવવામાં જે મુશ્કેલ પડે તે દૂર કરવા તથા લઘુમતી અસ્મિતા સંવર્ધનમાં સહાયરૂપ થવાની સરકારી ફરજ પ્રમાણે કે લોકશાહી અધિકારરૂપે તેમને કેટલીક સવલતો અપાઈ છે.

તેમણે અનુરોધ કર્યો હતો કે જે લઘુમતિ સમુદાય છે તેના શહેરમાં વસતા સભ્યો સારી સ્થિતિમાં હોઈ શકે છે, પણ ગામડા વિસ્તારમાં રહેનારાઓની સ્થિતિ સન્માનભેર જીવવા માટે સમર્થન જરૂરી હોય તેવી હોય છે. દરેક લઘુમતી સમુદાયે આ વાત ધ્યાનમાં રાખીને મળેલી આ સગવડનો ઉપયોગ એક યા બીજા કારણોસર આર્થિક - સામાજિક રીતે પાછળ રહી ગયેલા પોતાના સભ્યોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે કરવો રહ્યો.

આ સવલતોમાં લઘુમતી સમુદાયના વર્ષે અઢી લાખથી ઓછી આવક ધરાવનારા પરિવારના બાળકો માટે શાળા તથા શાળા પછી શિષ્યવૃત્તિ તેમજ ઉચ્ચ શિક્ષણ માટેની શિષ્યવૃત્તિ તથા લોન વગેરેનો સમાવેશ થાય છે.

વધુમાં રીઝર્વ બેંકે, બેંકોને શૈક્ષણિક લોન સંબંધમાં તથા ધંધાકીય લોન માટે પણ લઘુમતી સમુદાયના લોકોને અગ્રતા આપવા તથા કુલ લોનના અમુક ટકા આ લોકોને આપવાના નિર્દેશો આપેલા છે. અન્ય લઘુમતી સમુદાય કરતાં જૈનો આનો વધુ સારો લાભ મેળવી શકે છે.

લઘુમતીનો દરજ્જો મળવાનો એક મહત્વનો લાભ એ પણ છે કે લઘુમતી સમુદાયની સંસ્થાઓ પોતાના સંસ્કારને જાળવવા માટે જે સંસ્થાઓ ઊભી કરે તેમાં ૫૦ ટકા જેટલું આરક્ષણ પોતાના સભ્યો માટે રાખી શકે છે.

આટલી જણકારી હોવા છતાં પણ લઘુમતી સમુદાયના સભ્યો તેનો પુરતો લાભ ઉઠાવી નથી શકતા તેનું મુખ્ય કારણ એ છે કે સરકારી અધિકારીઓ - કર્મચારીઓ લઘુમતી સમુદાય સભ્યો તેમનો લાભ મેળવે,

એ તેમનો હક્ક છે, સરકારે કરેલી મહેરબાની નથી તે વાત તરફ ઉદાસીન હોય છે. તેથી લઘુમતી સમુદાયના સભ્યોને પોતાના અધિકાર મેળવવા પણ ખાસ્સી જહેમત ઉઠાવવી પડે છે. અહીં લઘુમતી સમુદાય આગેવાનો તથા કાર્યકર્તાઓની ફરજ બને છે કે તેઓ એવું વાતાવરણ ઊભું કરે કે લઘુમતી સમુદાયના સભ્ય એકલ - દેકલ નથી પણ તેની પાછળ સંગઠનની શક્તિ ઊભી છે, એવું સરકારી અધિકારીઓ - કર્મચારીઓને પણ પ્રતીત થાય.

મહારાષ્ટ્ર માયનોરીટી કમિશનરના ચેરમેન મુનાફજીએ આ સંબંધમાં કેટલીક તકેદારી રાખવાનો અનુરોધ કર્યો.

સૌથી મહત્વની વાત છે કે હવે થનારા દરેક જન્મમાં જન્મ પ્રમાણ પત્ર (બર્થ સર્ટીફિકેટ)માં જન્મનાર જૈન છે એવી નોંધ અવશ્ય થવી જોઈએ.

શાળા - કોલેજમાં રેકોર્ડમાં પણ ભણનાર જૈન છે એવી નોંધ કરાવવી જેથી શાળા - કોલેજ છોડવાના પ્રમાણપત્ર (સ્કુલ - કોલેજ લીવીંગ સર્ટીફીકેટ)માં તે જૈન છે એવો પુરાવો ઊભો થઈ જાય.

અનુસંધાન ૮માં પાને

## જૈન લઘુમતિ અંગે વધુ એક સેમિનાર ડોંબિવલી ખાતે રવિ, તા. ૨૭.૭.૧૪

શ્રી સમસ્ત કચ્છ દશા ઓસવાલ જૈન મહાજન દ્વારા શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના સહયોગે રવિવાર તા. ૨૭ જુલાઈના બપોરે ૧૫.૦૦ કલાકે માધવાશ્રમ એરકન્ડીશન્ડ સભાગૃહ, રોટરી કલબની સામે, શ્રી સુમતિનાથ જિનાલયની બાજુમાં, માનપાડા રોડ, ડોંબિવલી પૂર્વ ખાતે આયોજીત કરાયેલ છે. પરિસંવાદના અંતે પ્રશ્નોતરી પણ રહેશે.

સૌ જ્ઞાતિજનોને પધારવા સહ ડોંબિવલીકરોને ખાસ ઈજન છે, એમ સેક્રેટરી જનરલ સમસ્ત મહાજન અને મંત્રીશ્રીઓ ડોંબિવલી મંડળ તરફથી અખબારી યાદી દ્વારા જણાવાયું છે.

### અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.



### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

## શ્રી નરશી નાથા ધર્મશાળા પાલીતાણા ખાતે તા. ૪.૭.૧૪ના
## પ.પૂ. સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા. આદિઠાણા ૯ ના દ્વિમાસિક ચાતુર્માસ પ્રવેશની ઝલક

















।। શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ।।

# SHETH NARSHI NATHA CHARITY TRUST FUND

## શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ

(Trust Regd. No. A/1467, Maharashtra • Trust Regd. No. A/1150 Gujarat)
309 / 311, Narshi Natha Street, Kharek Bazar, Mumbai - 400 009. Tel.: 09819476325

**શેઠ નરશી નાથા ધર્મશાળા**
પાલીતાણા, જી. ભાવનગર, ગુજરાત
પીન - ૩૬૪ ૨૭૦
ફોન : (૦૨૮૪૮) ૨૫૨૧૮૬

**શ્રી ચંદ્રપ્રભજી તથા શ્રી શાંન્તિનાથજી**
**(વિર વસઈ ટુંક) નલીયા જૈન દેરાસરજી**
નલીયા, તા. અબડાસા, જી. કચ્છ. ગુજરાત
પીન - ૩૭૦ ૬૫૫ ફોન : (૦૨૮૩૧) ૨૨૨૩૨૭

ૐ હ્રીં શ્રી શંત્રુજય તીર્થધિરાજ શ્રી આદિનાથાય નમઃ
ૐ હ્રીં શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ 'નમો નમઃ ગુરૂશ્રી ગુણસાગર સુરયે' જય ગીરીરાજ

દેવ ગુરૂ ધર્મોપાસક સાધર્મિક બંધુ શ્રી

જય જિનેન્દ્ર, શાશ્વતા તીર્થ શ્રી શંત્રુજય મહાતીર્થની ગૌરવવંતી ગોદમાં શ્રી ચંદ્રપ્રભુદાદાની અસીમ કૃપાથી રાષ્ટ્રસંત ભારત દિવાકર અચલગચ્છાધિપતિ આ. દેવશ્રી પ.પૂ.આ.ભ. શ્રી. ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા.ની. મંગલ આજ્ઞા તથા સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ની. શ્રી. કલાપ્રભસાગર સુરીશ્વરજી મ.સા.ની. શુભ કામનાઓથી.

જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથા ધર્મશાળા - પાલીતાણાના પ્રાગંણમાં સ્વાધ્યાયપ્રિય પુ.સા.શ્રી. નરેન્દ્રશ્રીજી મ.સા.ના શિ.પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા. આદિઠાણા ૯ નો દ્વિ - માસિક ચાર્તુમાસનો અણમોલ લાભ શ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટને પ્રાપ્ત થયેલ છે, તે બદલ ટ્રસ્ટ ખુબ જ ધન્યતા અનુભવે છે.

આ બે માસ દરમ્યાન શેઠશ્રી નરશીનાથા ધર્મશાળા બનશે: આરાધનાનું આંગણ... ઉપાસનાનું ઉપવન... સાધનાનું સરોવર, તપસ્યાનું તીર્થ.. જાપનું ઝરણું... જિનવાણી શ્રવણનો સમંદર અને વિરતિધર્મની વાંસળી....

દ્વિ - માસિક ચાતુર્માસ ભક્તિની ભવ્યતા, અનુષ્ઠાનોની અલૌકિકતા અને દાનગંગાની દિવ્યતાનો નજારો થશે.

અનંત સિધ્ધોની સિધ્ધ ભૂમિમાં ટ્રસ્ટ દ્વારા પ્રથમવાર જ દ્વિ - માસિક ચાતુર્માસનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી આરાધકોની આરાધનાથી આ ક્ષેત્ર ધબકશે.

● આવી પવિત્ર ભુમિમાં વાપરેલ દ્રવ્ય અમર બની જાય છે. આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવાનો સુવર્ણ અવસર ચુકશો નહિં.

● દ્વિ- માસિક ચાતુર્માસ દરમ્યાન નીચે મુજબની સ્કીમો રાખવામાં આવેલ છે. ૧. પ્લેટીનમ દાતા. રૂ.૧,૦૦,૦૦૦/-, ૨. ડાયમંડ દાતા. રૂ. ૫૧,૦૦૦/-, ૩. ગોલ્ડન દાતા. રૂ. ૨૫,૦૦૦/-, ૪. સીલ્વર દાતા. રૂ.૧૧,૦૦૦/-

આયોજનમાં લાભ લેવાથી, તીર્થ - ભક્તિ, દેવાધિદેવભક્તિ, ગુરૂભક્તિ, સાધર્મિક ભક્તિ અને શ્રુત ભક્તિનું અનેરું પૂણ્યપ્રાપ્ત થશે. આ ફાઈવ ઈન વન લાભ લેવાનું ચુકતા નહીં. લાભ લેનાર દાતા પરિવારનું નામ ધર્મશાળામાં યોગ્ય જગ્યાએ બાર મહિના સુધી બેનર પર લગાડવામાં આવશે.. તો જરૂરથી લાભ લેશોજી.

**લી.શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ વતી ટ્રસ્ટી મંડળ**


**૧. શ્રી મોતીચંદ લાલજી ખોના 09833875335**
**૨. શ્રી કલ્યાણજી ચાંપશી છેડા 09892196425**
**૩. શ્રી નરેશ ભવાનજી મોમાયા 09821156975**
**૪. શ્રી પ્રતાપ પદમશી લાલકા 09769174780**
**૫. શ્રી વિજય વર્ધમાન ખોના 09210278743**
**૬. શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા 09320051311**
**૭. શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા 09821073830**

આ બધું શક્ય ન હોય તેવા કિસ્સામાં પણ કોઈ વ્યક્તિ હું જૈન છું એવું સોગંધનામું (એફીડેવીટ) નોંધાવે તો તેને દુનિયાની કોઈ સત્તા પડકારી ન શકે. (મુનાફ સાહેબ જે એફિડેવીટ કરવાની કહી તેના લખાણ બાબત સ્પષ્ટતા કરવાની કે વ્યક્તિ સોંગંધપુર્વક કહે કે હું આવી રીતે જન્મથી કે કોઈ ગુરૂના સત સંગથી) જૈન ધર્મના પરિચયમાં આવ્યો અને હું તેના આચાર - વિચારને સ્વીકારું છું તો તે બસ થઈ પડે)

જે સંસ્થાઓ પોતે માયનોરીટી તરીકેના લાભ લેવા કે આપવા ઈચ્છતી હોય તેણે શું શું વિધિ કરવાની હોય એવા પ્રશ્નમાં મુનાફજીએ માહિતી આપી કે કોઈ પણ સંસ્થા (ચેરીટી કમિશ્નર પાસે નોંધાયેલ હોય તો વધુ સારું) જિલ્લા કલેક્ટરની ઓફિસમાં જઈ આ બાબતની અરજી કરી તે સંબંધી પ્રમાણપત્ર મેળવી શકે છે. આ સંબંધી જે ઔપચારિકતા (ફોર્મભરી) કરવાની હોય તેની જાણકારી પણ તેમની પાસેથી જ મળી શકશે.

જૈનો પોતાના સમુદાયના ગરીબો માટે ઈંદિરા આવાસયોજના અંતર્ગત યોજના બનાવી શકે કે કેમ એવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે સૈધ્ધાંતિક રીતે હકાર દાખવતા કહ્યું, મુશ્કેલ છે પણ અશક્ય નથી.

કેટલાક રાજ્યોએ પહેલેથી જૈનોને લઘુમતીનો દરજ્જો આપ્યો છે અને કેટલાક રાજ્યોએ હજુ નથી આપ્યો તો શું કરવું? એવા પ્રશ્નના જવાબમાં શ્રી મુનાફજીએ સમજણ આપી કે જે રાજ્યોએ જૈનોને અગાઉથી લઘુમતિનો દરજ્જો આપ્યો હોય તેમનો તો સવાલ જ નથી, પણ જેમણે નથી આપ્યો તે રાજ્યમાં પણ તેના લાભ લેવા માટે કેન્દ્ર સરકારે જૈનોને લઘુમતીનો દરજ્જો આપ્યો છે અને અમે તે હેઠળ આવરાયેલા છીએ માટે અમને અમુક લાભ મળવા જોઈએ એવી અરજી કરી શકાય અને તેઓ હા - ના કરે તો તેમને સંબંધિત સાહિત્ય બતાવી શકાય. જરૂરી પડે રાજ્યના માયનોરીટી સેલની પણ મદદ મેળવી શકાય.

મહારાષ્ટ્ર રાજ્યના માયનોરીટી સેલના અધ્યક્ષ મુનાફજી સાથે સહમત થતા જીતોના જૈન માયનોરીટી સેલ - વીરાયતન અને મુંબઈ યુનિવર્સિટીના જૈનોલોજી વિભાગ સાથે સંકળાયેલા ફીજીશીયન ડો. બીપીન દોશીએ જણાવ્યું હતું કે જૈનો પોતાના ગરીબ તબક્કાની ઉપેક્ષા કરે છે એ વાત સાચી છે. આપણે માની લઈએ છીએ કે જૈનો એટલે કે વેપારી કે પ્રોફેશનલ પણ એવું નથી મેં માંડવીમાં જૈન પાનવાળો અને જૈન ચાવાળો પણ જોયા છે. જૈન સમાજ એમના ઉત્કર્ષને અવગણીને પોતાને એક ગૌરવશીલ સમાજ ન માની શકે.

સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ તરફથી માયનોરીટી સમુદાયના સભ્યના આવા હક્કોની ઉપેક્ષા થાય છે એ તો ઠીક જૈનોએ હિંદુ સમાજના ભાગરૂપે જ પોતાની જાતને ગણવી જોઈએ, તેમણે પોતાની અલગ અસ્મિતા ન ધરાવવી જોઈએ એવું માનનારા કેટલાક રાજકીય આગેવાનો તરફથી પણ અણધારી અડચણો આમાં આવી શકે છે, જે માટે તેમણે કચ્છમાં વીરાયતન સંસ્થા તરફથી એક લઘુમતી એકમ તરીકે સરકારી લાભ મેળવવા કરેલ અરજી વખતે થયેલ અનુભવ જણાવ્યા હતા.

તેમણે ઉમેર્યું હતું કે જૈન માયનોરીટી તરીકેના પુરા લાભ લેવા હશે તો મહારાજ સાહેબોને નારાજ કરીને પણ દેરાસરો બાંધવા પાછળ તથા ત્યાં ઉત્સવો ઉજવવા પાછળ થતા. બેફામ ખર્ચા વિદ્યામંદિરો તરફ વાળવાની વાત મક્કમતાથી કરવી પડશે.

આપણે બધા ડોક્ટરો કસાઈ જેવા બની ગયા છે, તેવી ફરિયાદ કરીએ છીએ. પણ હકીકત એ છે કે રાજકારણી અને અન્ય સ્થાપિત હિતોએ મેડિકલ કોલેજો પર એવા પ્રકારની ઈજારાશાહી સ્થાપી દીધી છે કે લાખો - કરોડોનો ભ્રષ્ટાચાર કર્યા વગર કોઈ ડોક્ટર કે સ્પેશિયાલીસ્ટ ન બની શકે. આટલું મોટું રોકાણ કરનાર તે રોકાણ અને તેના ફળ મેળવવા ભ્રષ્ટાચાર ન કરે નહીં તો બીજું શું કરે?

તેમણે કહ્યું જો જૈનો ૨૦૦ કરોડની મેડિકલ કોલેજ ઊભી કરે તો પોતાના સમુદાયના તેજસ્વી વિદ્યાર્થીઓને તો ડોક્ટર અને બનાવી જ શકશે અન્યોને પણ ભ્રષ્ટાચાર વગર ડોક્ટર સ્પેશિયાલીસ્ટ બનાવી એ ક્ષેત્રમાંનો ભ્રષ્ટાચાર ઓછો કરવામાં અગ્રસર થઈ શકે.

શ્રી બીપીન દોશીએ વધુમાં જણાવ્યું હતું કે જૈન સંસ્કારોની જાળવણી માટે પણ જૈન શિક્ષણ સંસ્થાઓને વિશેષ રીતે સજ્જ કરવી પડશે. આ માટે ખ્રીસ્તી પાદરીઓ જેવી રણનીતિ વાપરવી પડશે. ખ્રીસ્તી પાદરીઓ મોરલ એજ્યુકેશન એટલે કે નૈતીક શિક્ષણને નામે ખ્રીસ્તી સંસ્કારોનો ફેલાવો કરે છે જૈનોએ પણ સંપ્રદાયોથી ઉપર ઉઠીને આ પ્રકારનો અભ્યાસક્રમ વિકસાવવો પડશે.

બન્ને વક્તાઓએ આપેલી મહત્વની માહિતી પરથી એવું તારણ કાઢી શકાય કે સરકાર તરફથી જે જાહેરાત થઈ છે તે તો માત્ર મંચ છે, તેનો ઉપયોગ કરવા માટે જૈન સમુદાયે સજ્જ થવું પડશે.

**- ચંદ્રસેન મોમાયા**

## બેટી બચાઓ બેટી બચાઓ

વનિતા



વિશ્વ

આજના યુગમાં સ્ત્રીપર ઘણા પ્રકારના અત્યાચાર થાય છે. સ્ત્રીને અબળા માની લાચાર કરવામાં આવે છે. જેમ દુઃખ પછી સુખ આવે એમ સ્ત્રીઓમાં શિક્ષણના પ્રસારથી તેમને સાચા - ખોટાની સમજણ તેમજ કાયદા વિષયના જ્ઞાનથી જુલ્મો સામે લડવાની તાકાત મળી છે. સરકારે સ્ત્રી વિષયક અલગ કાયદા કરી તેનામાં નવું બળ આપી "સ્ત્રી - જાગૃતિ" લાવી છે. આજે સ્ત્રી પુરુષ સમોવડી છે. દરેક ક્ષેત્રમાં.

.... પરંતુ., ના... હજી પણ આપણો સમાજ "બેટા - બેટી"નો ફરક, ભેદભાવ ભૂલ્યો નથી. તેથીજ સ્ત્રી - ભ્રુણ હત્યાના કિસ્સા સમાજમાં સામાન્ય થઈ ગયા છે. તેના વિરોધમાં સરકાર તથા સમાજીક સંસ્થાઓના પ્રયત્નો અસફળ રહ્યા છે. રૂઢીચુસ્ત સમાજ જે ગામડામાં હોય કે શહેરમાં તમનામાં જાગૃતિ લાવવા માટે "N.G.O." સંસ્થાઓ પણ અથાગ પ્રયત્ન કરે છે.

આવીજ એક "N.G.O." સંસ્થા સ્નેહાલયના કાર્યથી પ્રેરિત થઈ સાંગલી જેવા શહેરમાં રહેતી કુ. પ્રાપ્તિ ગિરીશ નાગડા ૧૫ વર્ષની Conventમાં ભણતી દિકરી. એની ઉમરના બાળકો તો શિક્ષણ, રમત - ગમત અથવા ટી.વી, મોબાઈલમાં મશગુલ હોય છે. પણ પ્રાપ્તિના બાળ માનસે સમાજમાં ચાલી રહેલા આ દુષણ સામે લડવા માટે હિમ્મત ભેગી કરી.

એ કલ્પનાને સાકારવા તેણે પોતાની મિત્ર આકાંક્ષા જેસવાણી તેમજ સ્નેહાલયના કાર્યકર્તા સર શ્રી ધનંજય આરવાડેના માર્ગ દર્શન નીચે એક વર્ક શોપની સ્વ મહેનતથી તૈયારી કરી.

સ્ત્રી - ભ્રુણ હત્યા કેમ થાય છે. અને એને કેમ રોકવી એની સમજણ માટે સ્પિક મુવ્હી દ્વારા માર્ગદર્શન કરી. એક સ્ત્રીજ સ્ત્રીનું બળ બની શકે. આવી રીતે સમજમાં જાગૃતિ માટે કરેલ પ્રયત્ન આજે યુવાવર્ગમાં પ્રેરણાદાયી બનશે.

આપણામાં ગેરસમજ છે કે સમાજ સેવા તો પ્રૌઢવયે જ થાય. પણ આજે નાની ઉમરમાં આવા દુષણ રોકવાના ભગીરથ કાર્ય કરવા કોઈ ઉમરનું બંધન નથી. તે માટે પ્રાપ્તિ ધન્યવાદને પાત્ર છે. તેણે સંસ્થા માટે અનુદાન પણ મેળવી આપ્યા છે.

ચાલો, આપણે બધા સ્ત્રી - ભ્રુણ હત્યા વિરોધી લડતને બિદરાવી તેના.... બેટી બચાવોના આંદોલનને બળ આપીએ.

*સંકલન : જ્ઞાતિની એક બહેન*


**અસલ કલા-કસબનો સમન્વય**

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

સેમ્પલ પીસનું ક્લીયરન્સ ચાલુ છે


**શ્રી અરિહંત કો - ઓપ. બેંક લી.**

Estd : 1984

જીબી ૧૦ એ / બી કર્મસ્તંભ, એલ. બી. એસ માર્ગ, વિક્રોલી (વે), મુંબઈ - ૮૩. **ફોન** : 25799320

**નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે બેંકની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા **શનિવાર તા. ૦૨.૦૮.૨૦૧૪**ના રોજ બપોરે ૩.૩૦ કલાકે શ્રી કાલીદાસ નાટય મંદીર, પી. કે રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦૦૮૦. મધ્યે રાખેલ છે. જેમાં એજન્ડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને જે બેંકની શાખાઓમાં મુકેલ છે. સર્વ સભ્યોને હાજર રહેવા વિનંતી.

સભ્યો ને નમ્ર વિનંતી છે કે નાણાકીય વર્ષ ૨૦૧૩ - ૧૪નો વાર્ષિક અહેવાલ બેંકની વેબ સાઈટ (www. arihantbank.com) થી પ્રાપ્ત કરી શકે છે અથવા બેંક દ્વારા મોકલાવેલ પત્રપાવતી ભરી અને હસ્તાક્ષર કરી બ્રાંચમાંથી પણ મેળવી શકશો.

**લી. શ્રી ખેતશી ડી. ખોના**
**(ચીફ એકઝીક્યુટીવ ઓફિસર)**

# સમસ્ત શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન દ્વારા જૈન લઘુમતી સેમીનાર અને પ્રશ્નોતરી







શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજન દ્વારા રવિવાર તા. ૦૬.૦૭.૨૦૧૪ ના શ્રી અનંતસિધ્ધિ એસી બેન્કવેટ હોલમાં, જૈન લઘુમતી વિષયે એક પરિસંવાદ નું આયોજન થયું હતું.

પ.પૂ.સાધ્વીશ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા.એ માંગલિક સંભળાવ્યું. મુખ્ય વકતા શ્રીમાન મુનાફ હાકીમ સ્ટેટ માયનોરીટી કમીશન મહારાષ્ટ્રના ચેરમેનશ્રી એ વિષદ જાણકારી આપી હતી.

બીજા વકતા મા. શ્રી બિપીનભાઈ દોશી અધ્યક્ષ જૈન માયનોરીટી, સેલ 'જીતો', જેઓ પોતે પણ જૈન હોવાના નાતે રસપ્રદ રીતે આપણને સ્પર્શતી વિગતો રજુ કરી હતી. ૧૭૫ જેટલા જ્ઞાતિજના સહભાગી થયા હતા.

બંને મહાનુભવોનું શાલ અને બુકે દ્વારા ટ્રસ્ટીઓના હાથે સન્માન કરવામાં આવ્યું હતું. સંચાલન સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતાએ અને આભારવિધિ શ્રી ચંદ્રેશભાઈ વીરચંદ છેડા એ કરેલ.

## સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના ટ્રસ્ટ બોર્ડ અને મહાસમિતિની સભા મુંબઈમાં મળી

સમસ્ત ક.દ.ઓ જૈન મહાજના ટ્રસ્ટ બોર્ડ અને મહાસમિતિની સભા રવિવાર તા. ૬ જુલાઈના મુંબઈમાં ભાંડુપ મુકામે અનંતસિધ્ધી એસી હોલમાં જૈન માઈનોરીટી સેમીનારની સાથે યોજાઈ હતી.

મહાસમિતીની સભા શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસિયાના અધ્યક્ષપદે મળેલ જેમાં શરૂમાં શ્રી ચંપકભાઈ રાયચંદ જીવાણી, શ્રી હર્ષદભાઈ કાંતીલાલ લોડાયા અને શ્રી વિનોદભાઈ રાયચંદ ધુલ્લાને મૌનાજંલી અપાઈ હતી.

આગામી સંમેલનના આયોજનની તૈયારી, બંધારણમાં સમયોચિત ફેરફાર, ઓડિટર તરીકે શ્રી આર.ડી ખોના ની નિમણુંક, ઉપરાંત વર્ષ ૨૦૧૦ - ૧૨, ૨૦૧૩, અને ૨૦૧૩ - ૧૪ ના હિસાબો ઓડિટ થઈ ગયા છે. તેનો આછો ચિતાર પણ આપવામાં આવ્યો હતો

પ્રવૃત્તિઓના અહેવાલ પૈકી સમસ્ત જ્ઞાતિને આવરી લેતા આકસ્મિક વિમાની યોજનામાં ઊંડો રસ લઈ સંપૂર્ણ અર્થ સહયોગ બદલ મેનેજીંગ ટ્રસ્ટી મા. શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા - ચેબુંર પરિવારનો આભાર વ્યક્ત કરાયો હતો તેમ જ આ યોજનાને કાયમી ધોરણે એમના પરિવારનું નામ આપવાની ટ્રસ્ટબોર્ડની જાહેરાતને વધાવી લેવામાં આવી હતી.

સેક્રેટરી જનરલ અને સભાના પ્રમુખશ્રીએ જ્ઞાતિના ૪ થા અને સમસ્ત મહાજન દ્વારા યોજાતાં પ્રથમ સમ્મેલન માત્ર મેળાવડો અને ખાણી - પીણી ને ઉજાણી ન બની રહેતા, તે ખરા અર્થમાં સફળ થાય એ માટે અપીલ કરી હતી અને સૌનો સહયોગ માંગ્યો હતો.

યજમાન મહાજનશ્રી, શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુરના પ્રમુખ શ્રી તરૂણભાઈ શીવજી શાહ ઉપરાંત કારોબારી સભ્યો આમંત્રિત તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એમના મહાજન દ્વારા સમ્મેલનના પ્રમુખ તરીકે નિમાયલા શ્રી ચંદ્રેશભાઈ વિરચંદ છેડાએ સભાનું અભિવાદન ઝીલી, સંમ્મેલન અંગેની મૂખ્ય માહિતી ટુંકમાં આપી હતી.

સમસ્ત મહાજનાની વેબસાઈટ www. kdosamastamahajan.org શરૂ થઈ ગયેલ છે.

ટ્રસ્ટેબોર્ડની સભા નવકારમંત્રના પઠન બાદ મે. ટ્રસ્ટી શ્રી કિરીટભાઈની અધ્યક્ષતામાં મળી.

હાલાર વિભાગની બેઠક ખાલી પડેલ છે, તે ટેકનીકલ કારણોસર ભરી શકાઈ ન હતી.

મુંબઈની બેઠક પર શ્રીમતી કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયાની સર્વ સંમતિથી નિમણુક થઈ હતી.

સમ્મેલનના મુદ્દે યજમાન મહાજનના પ્રમુખશ્રી અને કારોબારી સહીત સાત સભ્યો ખાસ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આવાસ, વાહન વ્યવસ્થા, ભોજન વ્યવસ્થા, ફંડ એકત્રીકરણ, સેવિનીયર વિ. ઘણા પાસાંઓ પર મુદાસરની સંક્ષિપ્ત માહિતી અપાઈ હતી તેમજ કાચા લે - આઉટ, પ્લાનો, ફંડ એક કરવાની યોજના રજુ કરવામાં આવી જેના પર ચર્ચા વિચારણા થઈ. હિસાબની બાબતમાં પારદર્શકતા અને સમયબધ્ધતા પર ભાર મુકવામાં આવ્યો.

મહત્વનો પત્ર વ્યવહાર રજુ કરી તેના પર ચર્ચા વિચારણા થઈ. કલ્પવૃક્ષ અંગે આવેલ પત્ર અને આ વિષયની નજાકતને ધ્યાનમાં રાખી લવાદપંચ આ બાબતે સત્વરે કાર્યવાહી હાથ ધરે તેમ ઠરાવવામાં આવ્યું.

બન્ને સભાઓમાં હંમેશની જેમ દેશાવરની સવિશેષ ઉપસ્થિત ઉત્સાહપ્રેરક હતી.



## અચલગચ્છ પરિચય ભાગ - ૧ જૈન ધર્મશાસ્ત્રો

### અચલગચ્છ સંઘના પ્રથમ પ્રમુખઃ નારાણજી શામજી મોમાયાના સંઘના બીજા અધિવેશન વખતના પ્રવચન પર આધારિત શ્રેણી

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર ચતુર્વિધ જૈન સંઘના બીજા અધિવેશન નિમિત્તે સૌનું છે હૃદયના ઉમળકાથી સ્વાગત કરું છું.

આપણે બધા જૈન ધર્મના અનુયાયીઓ છીએ અને આ અધિવેશનનું મુખ્ય કાર્ય આપણા અંતરાત્મામાં પ્રવર્તતા અજ્ઞાન - અંધકારનું નિવારણ કરવાનું, ધર્મનો દિવ્ય પ્રકાશ કરવાનું અને આપણી ધાર્મિક ભાવનાઓને ઉન્નત બનાવવાનું છે. અને બીજું કાર્ય પ્રતિકૂળ સંજોગોમાંથી પસાર થતા આપણા સાધર્મિક બંધુઓના આરોગ્ય, શિક્ષણ, વ્યવસાય અને વસવાટ અંગેના પ્રશ્નો બદલ વાસ્તવલક્ષી યોજનાઓ વિચારી તેનું અમલીકરણ કરવાનું છે. એટલે પ્રથમ હું જૈન ધર્મ વિષે બે શબ્દો કહીશ અને તેમાં અચલગચ્છનું સ્થાન ક્યાં છે તે જણાવીશ.

જૈન ધર્મ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. એટલે તે આ જગતનો સહુથી પ્રાચીન ધર્મ છે. તેણે માનવ સમાજને ઉત્તમ વિચારો - આચારોની ભેટ આપી છે અને એ રીતે માનવતાનું ઘણું ઊંચુ ધોરણ સ્થાપિત કરવા માટે પહેલ કરેલ છે.

જિનાગમો તથા જૈનશાસ્ત્રોનો શ્રી હરિભદ્રસુરીએ જલનિધિ એટલે મહાસગરની ઉપમા આપેલી છે, કારણ કે તેનો વિસ્તાર ઘણો મોટો છે અને તેમાં અગાધ જ્ઞાન ભરેલું છે. આ શાસ્ત્રો ચાર પ્રકારના છે. તેમાંનો પ્રથમ પ્રકાર કે જે દ્રવ્યાનુયોગના નામથી ઓળખાય છે. તેમાં ષડદ્રવ્યનું સ્વરૂપ ધણી સૂક્ષ્મતાથી સમજાવેલું છે. અને તેના લીધે વિશ્વ - વ્યવસ્થા કેવી રીતે ચાલે છે તેનો સ્પષ્ટ ખ્યાલ અપાયેલો છે. આ દવ્યાનુયોગ આપણું મહાન વિજ્ઞાન છે કારણ કે તેમાં સૂક્ષ્મ અણુ - પરમાણુંના સ્વરૂપથી માંડીને શબ્દ, પ્રકાશ વગેરે અનેક બાબતોની વિશાળ

---


શ્રી અનંતનાથાય નમઃ

**૧૯ વરસમાં મહાકાલી પુજન ઉત્સવ આમંત્રણ**

શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર (ભુજપુર) ના ઉપક્રમે અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજીના ૧૯માં વરસે પૂજન પહેડી ભક્તિ ઉત્સવ આ સો. સુદ ૫ રવિવાર તા. ૨૮.૯.૨૦૧૪ સવાર ૮ થી ૨ ઘાટકોપર સભાગૃહ રાષ્ટ્રીય શાળામાં રાખવામાં આવેલ છે. સવારના ૮ થી ૧૧ મહાપુજન દશવિધ પૂજા આરતી, ૧૧ થી ૨ પહેડી પ્રસાદ સાધર્મિક ભક્તિ ભક્તિગીતો ૯ થી ૧.૩૦ શ્રી કીશોર મનરાજા - હંસકુમાર મૈશેરી પ્રસ્તુત કરશે. દર વરસની જેમ ભાવિકો દર્શન વંદન પૂજન પ્રસાદ લેવા પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**મહાપુજન પહેડી સમારોહ ના સહયોગી દાતાઓ:**

- **શ્રી હીરાચંદ વસનજી ભવાનજી શાહ — માટુંગા — સુજાપુર**
- **માતુશ્રી કસ્તુરબાઈ લખમીચંદ મુલજી લોડાયા — બારોઈ — વડોદરા**
  **અ. સૌ. ઊષા ખીરેન્દ્ર લોડાયા પરિવાર**
- **માતુશ્રી વિજયાબાઈ રાયચંદ ભોજરાજ ધરમશી — મસુર — કોઠારા**
  **અ.સૌ. વીણા નીતીન ધરમશી**
- **માતુશ્રી મુરબાઈ વિસનજી શીવજી લોડાયા — મુલુંડ — બાંઢીયા**
  **અ.સૌ. પ્રભા હેમેન્દ્ર લોડાયા**

**આપ બધા ભાવિકોના સહયોગથી હંમેશની જેમ ઉજવવામાં આવશે. સૌ. પધારશોજી.**
**યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજ તથા મુખ્ય સહયોગી પરિવાર આત્મીયતા ભર્યું આમંત્રણ.**

સમજણ આપવામાં આવી છે. જીવ, અજીવ તથા અપરમ કર્મવાદની પ્રરૂપણા આ દ્રવ્યોનુયોગને આધિન છે.

આપણા શાસ્ત્રોનો બીજો પ્રકાર ચરણકરણાનું યોગના નામથી ઓળખાય છે. તેમાં ચારિત્ર અને ક્રિયાને લગતી સુક્ષ્મ વિચારણાઓ છે. આપણા વ્રત, નિયમ અને તપશ્ચર્યાઓ વગેરે તેને આધારે યોજાયેલા છે. અન્ય શબ્દોમાં કહીએ તો જૈન જીવનનો આદર્શ, તેના આધારે ઘડાયેલ છે એને તેથી તેનું ઊંડુ અધ્યયન કરવા જેવું છે.

આપણા શાસ્ત્રોનો ત્રીજો પ્રકાર ગણિતાનુંયોગના નામથી ઓળખાય છે. તેમાં ભુગોળ અને ખગોળ સંબંધી વિસ્તુત વર્ણન કરાયેલું છે. ચંદ્ર પન્નતિ અને જંબૂદ્વિપ પન્નતિ જેવા તેના ગ્રંથો આજના બધા સંશોધકોએ અવશ્ય વાંચવા - વિચારવા જેવા છે.

આપણા શાસ્ત્રોનો ચોથો પ્રકાર ધર્મકથાનુયોગ નામનો છે. તેમાં ધર્મસંબંધી કથાઓ, દૃષ્ટાંતો, ચારિત્રો આદિનો વિશાળ સંગ્રહ છે કે જે મનુષ્યને ધર્મનો બોધ કરાવવા માટે અતિ ઉપયોગી છે.

આપણા શાસ્ત્રોની સંખ્યા પ્રથમ ઘણી હતી, કાલાંતરે તેમાંથી કેટલાક શાસ્ત્રો લુપ્ત થયા, આમ છતાં આજે જે શાસ્ત્રો વિદ્યમાન છે તેની સંખ્યા પણ ઘણી મોટી છે. અને તેને આપણા ધાર્મિક જ્ઞાનનો અમૂલ્ય ખજાનો સમજી આપણે તેનો પૂરો લાભ લેવાનો છે. જ્યાં સુધી આપણે આ શાસ્ત્રોનું ગુરૂમુખેથી શ્રવણ ન કરીએ તેમજ સ્વાધ્યાય કરવા યોગ્ય ગ્રંથોનો સ્વાધ્યાય ન કરીએ ત્યાં સુધી આપણી ધાર્મિક ભાવનાનો યોગ્ય વિકાસ થાય નહિ, એ દેખીતું છે. જેમ એક વૃક્ષને ઉગાડવું હોય તો તેને યોગ્ય ખાતર, પાણી, હવા વગેરે આપવા પડે છે. તેમ આપણી ધર્મભાવનાનો વિકાસ કરવો હોય તો શાસ્ત્રશ્રવણ, સ્વાધ્યાય તથા સત્સંગ આદિનો આશ્રય લેવો પડે છે.

**નોંધઃ સર્વજ્ઞાતિજનો અને ખાસ કરીને યુવા જ્ઞાતિજનોને અચલગચ્છની પરંપરાની જાણ થાય તે માટે આ લેખ પ્રગટ કરવાનું સુચન મુંબઈ મહાજનના ભુતપુર્વ પ્રમુખ શ્રી શાંતિલાલ મુલજી શિયાડે કર્યું તે બદલ તેમના આભારી છીએ.**

*- તંત્રી*


જય માતાજી

## આશાપુરા મિત્ર મંડળ

### મોડી સિંધોડીના કુળદેવી આશાપુરા માને નમતા સમસ્ત મૈશેરી પરિવારના ભાવિકો....

જય માતાજી, સહર્ષ જણાવવાનું કે મોટી સિંધોડી ગામના કુળદેવી આશાપુરા માતાને નમતા સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને પદયાત્રા દ્વારા માતાના મઢે જવાનું આયેજન કરેલ છે.

આ કાર્યક્રમ મુજબ **તા. ૨૮.૯.૨૦૧૪**ના મુંબઈથી ટ્રેન દ્વારા પ્રસ્થાન અને પરત **તા. ૧.૧૦.૧૪**ના ભુજથી મુંબઈ આવવા રવાના થઈશું. આ પદયાત્રા માટે વ્યક્તિ દીઠ ચાર્જ રૂા. ૧૫૦૦/- રાખેલ છે. આપ સર્વે ભાવિકોને નામ ૧૮.૭.૧૪ સુધી નોંધાવી લેવા નમ્ર વિનંતી છે.

**સંપર્ક :**

**ભરત નરશી મૈશેરી** (ડોંબિવલી) 9920407373
**ચંદુલાલ દામજી મૈશેરી** (ડોંબિવલી) 9833151258
**દ્વિકેશ ઝવેરચંદ મૈશેરી** (ડોંબિવલી) 9594704931
**વિજય શીવજી મૈશરી** (મુલુંડ) 9323152388
**પ્રેમીલા પ્રફુલ્લ મૈશેરી** (ઘાટકોપર) 9821940373
**ખુશાલ ધનજી મૈશરી** (વાપી) 8469994079
**હિરાચંદ કુંવરજી મૈશેરી** (રાયપુર) 09302524757
**ભુઈમાં ખમાવંતી ગુલાબ મૈશેરી**

**સહર્ષ જણાવવાનું કે આશાપુરામાની આઠમી પહેડી ડોંબિવલી મુકામે ગોપી મોલમાં આસો સુદ - ૩ના તા. ૨૭.૯.૧૪ના દિવસે રોખેલ છે.**

**(પહેડીના દાતા : માતુશ્રી સ્વ. લક્ષ્મીબેન દામજી માડણ (મૈશેરી) હસ્તે લલિત દામજી મૈશેરી)**

**આશાપુરા મિત્ર મંડળના જય માતાજી**

## હોમિયોપેથીક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા. ૨૫.૭.૨૦૧૪ ને શુક્રવાર ના બપોરના ૧૨ વાગ્યાથી ૨.૩૦ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીની ક્લીનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્ષ (જૈન કોમ્પલેક્ષ), ડબ્બા કંપનીની બાજુમાં કાંજુરમાર્ગ - ઈસ્ટમાં હાડકાની તકલીફ ધરાવતા દર્દીએ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનો એ લાભ લેવા સંપર્ક : શ્વેતા મીતેશ શાહ : 9619270430, શ્રી અજયભાઈ લોડાયા : 9892372777, પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦, ત્યા આવીને ભરવાના રહેશે. રજીસ્ટ્રેશનની છેલ્લી તા. ૨૩.૭.૧૪ છે. ત્યાર પછી નામ નહી લેવામાં આવે.

કિડની, લીવર, સ્કિન અને તથા અન્ય સોજાના દર્દીઓ માટે શનિવાર તા. ૨૬.૭.૧૪ના સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪.૦૦ વાગે તથા રવિવાર તા. ૨૫.૫.૧૪ન ાસવારના ૯.૦૦ વાગ્યાથી બપોરના ૨.૦૦ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ પોલડીયા મો. 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.



**પાસ થયા અભિનંદન**

**કુ. પાયલ ભાવના હેમેન્દ્ર લોડાયા**

**(સાંયરા - ધુલિયા)**

S.S.C. પરીક્ષામાં 79.60%

કુ. પાયલ આપણા જ્ઞાતિની શ્રી જિનેન્દ્રસાગર સૂરી ક.દ.ઓ. જૈન બોર્ડિંગ ધુલિયા સંચાલિત શ્રીજી સ્કુલ માંથી S.S.C. માં સ્કુલમાં બીજા ક્રમાંકથી ઉત્તીર્ણ થયેલ છે. તો સ્કુલના ટ્રસ્ટીગણ તથા સ્ટાફ મેમ્બરો તરફથી ખુબ ખુબ અભિનંદન.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676


## શ્રી ક.દ.ઓ. ચાર્ટડ એકાઉન્ટસ ઓસોશિયેશન

કાર્યાલયઃ C/o. આર જે લુઠીયા એન્ડ એસોશિયેટ, ૬૧૦/૬૧૧, પરમેશ્વરી સેન્ટર, દાલમીયા એસ્ટેટ, એલ. બી. એસ માર્ગ, ફ્રીડેક્સની સામે મુલુંડ (પ), મુંબઈ - ૮૦. ફોન નં. 25641553 / 25694989 મો. 9821143524 ઈમેલઃ rajiv@rjl.co.in.

### બજટ મિટિંગ - ૨૦૧૪

છેલ્લા ૧૭ વર્ષથી ક.દ.ઓ. ચાર્ટડ એકાઉન્ટન્સ એસોશિયેશન દ્વારા તેના સભ્યો તેમજ જ્ઞાતિના લાભાર્થે બજેટ મિટિંગનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે બજેટ મિટિંગ શનિવાર તા. ૧૯.૭.૨૦૧૪ના બપોરે ૩.૩૦ કલાકે, જે. જે. સોમૈયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ ઓડિટોરીયમ, ૪ થે માળે, રાજાવાડી, વિદ્યાવિહાર (ઈ) મુંબઈ - ૪૦૦૦૭૭. મધ્યે રાખેલ છે. આ મિટિંગના અતીથી વિશેષ તરીકે શ્રી મણીકાંતભાઈ ધુલ્લા (મેસર્સ પ્રતાપ એકસલન્સી) પધારશે.

**''બજેટમાં થયેલ ફેરફાર અંગે પરિસંવાદ''**

**વિષય : ઈન્કમટેક્ષના સુધારા**

**અધ્યક્ષ : શ્રી દિલીપભાઈ શાહ (ડેપ્યુટી કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ)**

**સ્પીકર. CA જસ્મીન શાહ અને CA ધારીણી શાહ**

**સર્વીસ ટેક્ષ ના સુધારા CA રાજીવ લુઠીયા**

**શેરબજાર પર આસરો શ્રી કલ્પરાજભાઈ ધરમશી શ્રી ઉત્તમ શેઠ**

આ કાર્યક્રમ દરમ્યાન જ્ઞાતિના વિદ્યાર્થીઓ જેમણે મે / જુન ૨૦૧૩ તથા નવેમ્બર / ડિસેમ્બર ૨૦૧૩માં PII / PC / PCE / IPCC વગેરે તથા સમકક્ષ પરીક્ષા CA, CS આપવા ICWA ઉર્તીણ કરેલ હોય તેમનું બહુમાન કરવામાં આવશે. આ માટે પ્રત્યેક વિદ્યાર્થીઓએ પોતાના પાસ થયાની વિગતો એસોસિએશનના કાર્યાલયમાં આપવા વિનંતી. સર્વે ઈચ્છુક જ્ઞાતિજનોને કાર્યક્રમમાં પધારવા આમંત્રણ છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

# પાસ થયા - હાર્દિક અભિનંદન



**ભવ્યા ધનેશ લોડાયા**
ભાંડુપ
S.S.C. 80.00%



**નિખિલ ખુશાલ દંડ**
ડૉંબિવલી
T.Y.Bcom 76.86%



**રોશની વિજય શાહ**
-
S.S.C. 89.80%



**નેહા વિનય લોડાયા**
ડૉંબિવલી
S.S.C. 89.60%



**આરતી લક્ષ્મીચંદ મૈશેરી**
અમદાવાદ
B.com 75.21%



**હુન્નર થનેશ શાહ**
બેંગ્લોર
T.Y.Bcom 96.66%



**દિશા કુમાર છેડા**
મુલુંડ
H.S.C. 90.15%



**પુજા જયંત શાહ**
નાગપુર
S.S.C 72.20%



**કેવલ તિલકચંદ મૈશેરી**
અમદાવાદ
Bcom 65.79%



**રોનક મણિકાંત મૈશેરી**
અમદાવાદ
H.S.C. 89.06%



**પાયલ હેમેન્દ્ર લોડાયા**
ધુલિયા
S.S.C 79.60%



**નીલ જયંત દંડ**
ધુલિયા
S.S.C 89.06%



**જયશ્રી સંજય જીવાણી**
વિક્રોલી
S.S.C 71.00%



**હિમાલી સંજય જીવાણી**
વિક્રોલી
S.S.C 52.20%



**પાયલ રાજેશ નાગડા**
લાતુર
S.S.C 84.00%



**વૈભવી ધનપત મોમાયા**
વડોદરા
H.S.C 81.72%



**જુનલ મેહુલ નાગડા**
હુબલી
S.S.L.C 85.76%



**વિશ્વા કિશોર માલદે**
ડૉંબિવલી
S.S.C 82.60%

## કચ્છ માટે ૩૪૫ કરોડની વૉટર સપ્લાય યોજના

ગુજરાતનાં મુખ્ય પ્રધાન આનંદીબહેન પટેલે આંશિક રીતે દુષ્કાળગ્રસ્ત કચ્છ જિલ્લા માટેની ૩૪૫ કરોડ રૂપિયાની લખપત - અબડાસા વાટર સપ્લાય રીમોડલિંગ સ્કીમને મંજૂરી આપી છે.

ગુજરાત સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કચ્છના લોકો અને પશુઓને ધ્યાનમાં રાખીને આ પાઈલટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. રાજ્યની છેક પશ્ચિમે આવેલા આ બે તાલુકાઓમાં પશુઓને પ્રમાણ ત્યાંની માનવવસ્તીની સરખામણીએ ત્રણગણું છે.

આ પ્રોજેક્ટ હેઠળ ૧૧૦૦ કિલોમીટર લાંબી પાઈપલાઈન, ત્રણ વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ, ૧૮૦ અન્ડરગ્રાઉન્ડ સમ્પ્સ અને ૨૯ ઓવરહેડ ટેન્કસનું નિર્માણ કરવામાં આવશે.

આ યોજનાનો હેતુ અહીં દૂધનું ઉત્પાદન વધારવાનો પણ છે.

૩૫૫૯ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરવામાં આવનારા ૩૫૭ કિલોમીટર લાંબા કચ્છ બ્રાન્ચ કેનલ પ્રોજેક્ટની વિગત આપતાં આનંદીબહેને એક સમારંભમાં જણાવ્યું હતું કે 'નર્મદા મેઈન કેનલમાંથી' પાણી ૫૫.૩ મીટર ઊંચે સુધી લિફ્ટ કરીને રાપર તથા ભચાઉ સુધી પહોંચાડવા માટે ૫૧૫ કરોડ રૂપિયાના ખર્ચે ત્રણ પમ્પિંગ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવશે. કેનલના બાંધકામમાં ૧૪૨૭ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. બીજાં ૧૪૨૨ કરોડ રૂપિયાનાં કામો પૂરાં થવામાં છે.

કચ્છ બ્રાન્ચ કેનલ પ્રોજેક્ટ પૂરો થશે એટલે આઠ નગરો અને ૮૮૬ ગામડાંઓને પીવાનું તથા જિલ્લાના સાત તાલુકાઓમાંનાં ૧૨૮ ગામડાંઓની ૧,૧૨,૭૭૮ હેક્ટર જમીનમાં સિંચાઈનું પાણી મળશે.

શ્રી શાંતિનાથાય નમો નમઃ

## ગુરૂદેવ અમઆંગણે પધાર્યા : સાંધવવાસીઓના હૈયા હરખાયા

વરસી દેવાધિદેવ શ્રી શાંતિનાથ દાદાની મહેર થી પ.પૂ.સાધ્વીશ્રીજી લક્ષગુણાશ્રીજી મ.સા. એવમ પ.પૂ.સાધ્વીશ્રીજી પાર્થજુણશ્રીજી મ.સા. આદિઠાણા ૨નું ચાર્તુમાસ પ્રવેશ તા. ૭/૭/૨૦૧૪ સોમવારના સવારના થયેલ. કચ્છી ઢોલ શરણાઇ બેન્ડ સુરાવલી, બેડા લઇને બહેનો સાથે સાજન મહાજનની સંગાથે ભવ્યાતિ ભવ્ય ૩૦૦ જણની સંખ્યામાં સામૈયું થયું.

ચારિત્રધર્મરત્ન સુત્ર- વહોરવાનો લાભ ૪૨૦૧ મણમાં કુ.ખેતી પ્રફુલ્લભાઇ ગાલા (કોટડી - મુલુંડ) એ લીધેલ. બીજુંસુત્ર વીરપાર વહોરાવવાનો લાભ ૩૫૦૦/- મણમાં શ્રી કાંન્તિલાલ પ્રેમજી પેઠાણી (બીદડા - મુલુંડ) એ લીધેલ. ગુરૂપૂજનનો લાભ. રૂ.૧૦૦૦ માં માતૃશ્રી કાનબાઇ કરમશી દેઢિયા (ભુજપુર - વિલેપાર્લે) એ લીધેલ.

ચાર્તુમાસ પ્રવેશમાં મુંબઇથી સાંધવવાસીઓ નવિનભાઇ લોડાયા, શામજી દંડ, રસિકભાઇ લોડાયા રાયચંદ દંડ, વિરચંદ ખોના, પ્રવિણ મોતા, વિપુલ પટેલ, મુકેશ દંડ, વિરચંદ લોડાયા, ખુશાલ પટેલ, દિનેશ પટેલ, વિપુલ લોડાયા, નિખિલ પટેલ, દિનેશ લોડાયા તેમજ ગામ ભાઇઓ-બહેનો, નિયાણી બહેનો સારી સંખ્યામાં પધારેલ.

મુલુંડથી પ્રફુલ્લ ગાલા, કાંન્તિલાલ પેઠાણી, મુંબઇ મહાજનના પ્રમુખ શ્રી નયન ભેદા, હેમેન્દ્ર લોડાયા, કુલીનભાઇ લોડાયા, સુરેશ લોડાયા ઘાટકોપરથી વિનોદ લાલકા, હેંમત મોતા, ગુલાબભાઇ દામજી ધરમશી, જીતેન્દ્ર ખોના, ભરત જીવાણી, વિજય મોતા, નિતીન દેઢીયા પધારેલ.

વીલેપાર્લેથી વિજયભાઇ શાહ, હિરાચંદ શિયાળ રતિલાલ ધ્રોળ, દિનેશભાઇ પટેલ પધાર્યા હતા.

કોઠારા, જખૌ, સાંયરા, ડુમરા, વારાપધર, લાલા, દેઢીયા, વરાડીયા, સાંધાણ દરેક ગામના મહાજનો પધાર્યા હતા.

તા. ૬/૭/૧૪ પ્રભુજીની ભવ્યઅંગરચના, રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના, મહાકાલી માતાજીની ભાવના.

તા. ૭/૭/૧૪ના બપોરના પંચકલ્યાણ પૂજા ભણવવામાં આવેલ. સંઘ તરફથી સાટા ની પ્રભાવના કરવામાં આવેલ. દરેક વ્યક્તિને રૂ.૧૫૦નું સંઘ પૂજન કરવા જે રકમ મળેલ તેની વિગતઃ રૂ.૨૫૦૦/- ના દાતાશ્રી ૧) શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા, દાદર ૨) શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા, ઘાટકોપર ૩) શેઠશ્રી શામજી નરશી દંડ,મુલુંડ ૪) માતૃશ્રી કાનબાઇ કરમશી દેઢીયા, ભુજપર-વિલેપાર્લે ૫) કુ.ખેતી પ્રફુલ્લ ગાલા, કોટડી ૬) શાન્તિલાલ પ્રેમજી પેઠાણી, બીદડા, મુલુંડ

રૂ.૧૧૦૦ નો ફાળો આપનાર દાતાશ્રીઃ ૧. શ્રી મુલજી માણેકજી લોડાયા - ઘાટકોપર ૨. શ્રી શામજી માણેકજી લોડાયા - થાણા ૩. શ્રી નવિન માણેકજી લોડાયા - થાણા ૪. શ્રી પ્રવિણ માણેકજી લોડાયા - થાણા ૫. પ્રકાશ માણેકજી લોડાયા - થાણા ૬. માતૃશ્રી ઝમકુબાઇ લાલજી પટેલ - મુલુંડ ૭. માતૃશ્રી મણીબાઇ કુંવરજી મોતા - ડોંબિવલી ૮. માતૃશ્રી દયંમતીબેન હંસરાજ દંડ - મુલુંડ ૯. માતૃશ્રી ખેતબાઇ સોમચંદ લોડાયા - ડોંબિવલી ૧૦. વિમલાબાઇ ખીમજી દંડ - વાપી ૧૧. શ્રી રસીક દેવરાજ લોડાયા - મુલુંડ ૧૨. શ્રી મેઘજી કુંવરજી ખોના - ડોંબિવલી ૧૩. શ્રી ઠાકરશી લાલજી પટેલ - મુલુંડ ૧૪. શ્રી રાયચંદ નરશી દંડ - મુલુંડ ૧૫. શ્રી ભવાનજી નરશી દંડ - મુલંડ ૧૬. માણેકજી મેઘજી લોડાયા - મુલુંડ ૧૭. માતૃશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા - મુલુંડ ૧૮. શ્રી ચેતન દિનેશ લોડાયા- મુલુંડ ૧૯. ગુલાબ દામજી ધરમશી - સાંધાણ.

રૂ.૫૦૦નો ફાળો આપનાર દાતાશ્રીઃ ૧. શ્રી મણિલાલ ભવાનજી લોડાયા - ભાડુંપ ૨. શ્રી પદમશી કુંવરજી પટેલ - કલકત્તા ૩. શ્રી હેમંત શામજી મોતા - નલિયા ૪. શ્રી ક.દ.ઓ જૈન મહાજન - સાંયરા ૫. અતુલ લિલાધર ખોના, - સુથરી ૬. વિજયભાઇ મોતા - જખૌ ૭. માતૃશ્રી વાલબાઇ રાયશી ગોસર - ડુમરા ૮. ધનબાઇ રતિલાલ નાગડા - પરજાઉ ૯. મણિબાઇ ડુંગરશી અને દેવકુંવર બેન ઉમરશી ધ્રોળ - કોટડી ૧૦. માતૃશ્રી પ્રેમીલાબેન સોમચંદ અને રેવતી મણીલાલ ખોના - વારાપધર.

૨૫/૩૦જણા ચાર્તુમાસની આરધના કરી રહ્યા છે.

ચાર્તુમાસની આરધના કરવા પધારેલ બહેનોને ૧. સામાઇક સેટ, સામાઇક બેગ, પૂજાનો રૂમાલ, પૂજાની સામગ્રી સાથે બટુવોની પ્રભાવના શ્રી ઠાકરશી લાલજી પટેલ મુલુંડવાળા તરફથી કરવામાં આવેલ. દાતા પરિવાર તરફથી હાવાના ટુવાલની પ્રભાવના કરવામાં આવેલ.

## KDO EDUCATIONAL INSTITUTIONS – CHALLENGES AHEAD

*TILAKCHAND LODAYA (Chennai) Email :ourbrotherhood@yahoo.co.in*

Our visionary forefathers established schools a century ago, in various towns and cities where they settled for the young KDOs. Like water they adjusted themselves everywhere in alien lands, in any shape and found ways. They, to the best of my knowledge are located at Mumbai, Gadag, Hubli, Dhule, Khamgaon. In few other cities they were established by Gujraties, which included KDOs also.

